Seat No. : _______________

# AX-113

**May-2016**

**M.A., Sem.-II**

**411 EA : Gujarati**

**(સાહિત્ય અને તત્ત્વજ્ઞાન)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. સાહિત્ય અને તત્ત્વજ્ઞાનની વિભાવના સમજાવી, સાહિત્ય અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ સમજાવો. **14**

**અથવા**

તત્ત્વજ્ઞાનને સાહિત્ય મીમાંસાને પૂરાં પાડેલા નિદર્શનો (મોડેલ્સ) સમજાવો.

2. સુરેશ જોશીની વિવેચન પ્રવૃત્તિને ધ્યાનમાં રાખી, તેમના સાહિત્ય વિવેચનની દાર્શનિક ભૂમિકા સમજાવો. **14**

**અથવા**

સુરેશ જોશીના કોઈપણ બે વિવેચન ગ્રંથોનો પરિચય આપો.

3. રા.વિ. પાઠકની વિવેચન પ્રવૃત્તિને કેન્દ્ર કરી, તેમના સાહિત્ય વિવેચનની દાર્શનિક ભૂમિકા સમજાવો. **14**

**અથવા**

રા.વિ. પાઠકના કોઈપણ બે વિવેચન ગ્રંથોનો પરિચય કરાવો.

4. નોંધ લખો : (ગમે તે **બે**) **14**

(1) 'અખેગીતા'માં અદ્વૈતવાદ

(2) 'રસિકવલ્લભ'માં દયારામનું તત્ત્વજ્ઞાન

(3) એબ્સર્ડની વિભાવના

(4) અસ્તિત્વવાદની વિભાવના

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો : **14**

(1) ગુજરાતીમાં એબ્સર્ડ નાટક લખનારા કોઈપણ એક લેખકનું નામ આપો.

(2) 'રસિકવલ્લભ' કૃતિની કડવાં સંખ્યા જણાવો.

(3) 'શુદ્ધાદ્વૈત સિદ્ધાંત'ની વાત કઈ કૃતિમાં આવે છે ?

(4) 'રસિકવલ્લભ'માં કઈ ભક્તિની વાત આવે છે ?

(5) 'અખેગીતા'ની કડવાં સંખ્યા જણાવો.

(6) 'અખેગીતા'ની પદ સંખ્યા જણાવો.

(7) ઘેટાં અને ખાટકીનું દૃષ્ટાંત કઈ કૃતિમાં આવે છે ?

(8) કાચના મંદિરનું દૃષ્ટાંત કઈ કૃતિમાં આવે છે ?

(9) 'રસિકવલ્લભ' કયા સંપ્રદાયની કૃતિ છે ?

(10) 'રસિકવલ્લભ'ની ર.સં. જણાવો.

(11) 'ત્રિગુણપતિરાયજી' શબ્દ કઈ કૃતિના મંગલાચરણમાં આવે છે ?

(12) 'અખેગીતા'ની ર.સં. જણાવો.

(13) કેવલાદ્વૈત સિદ્ધાંત કઈ કૃતિમાં રજૂ થયો છે ?

(14) અખા ભગત કયા સમયના કવિ છે ?

Seat No. : _______________

# AX-113

**May-2016**

## M.A., Sem.-II

## 411 EB : Gujarati

**(ગુજરાતી સાહિત્યિક પત્રકારત્વ)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. લોકમાધ્યમ અને સમૂહ માધ્યમનું સ્વરૂપ સમજાવી, સમૂહ માધ્યમોની લાક્ષણિકતાઓ વિશે નોંધ તૈયાર કરો. **14**

   **અથવા**

   સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેનું સામ્ય-વૈષમ્ય ચર્ચો.

2. સુધારકયુગના સાહિત્યિક પત્રકારત્વનો વિગતે પરિચય કરાવો. **14**

   **અથવા**

   પંડિત યુગના સાહિત્યિક સામયિકો વિશે વિસ્તૃત નોંધ લખો.

3. મુખ્ય-મુખ્ય સામયિકોને કેન્દ્રમાં રાખીને ગાંધીયુગના સાહિત્યિક પત્રકારત્વનો પરિચય કરાવો. **14**

   **અથવા**

   ટૂંકનોંધ લખો : (**બંને**)

   (1) સંસ્કૃતિ

   (2) કૌમુદી-માનસી

4. આધુનિક યુગના ગુજરાતી સાહિત્યિક સામયિકો વિશે પરિચયાત્મક નોંધ તૈયાર કરો. **14**

   **અથવા**

   વિસ્તૃત નોંધ લખો : સામ્પ્રત ગુજરાતી સામયિકો

5. યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : **14**

   (1) નીચેના પૈકી કોને સમૂહ માધ્યમ ગણી શકાય નહિં ?

   (અ) અખબાર (બ) રેડિયો

   (ક) પુસ્તક (ડ) ભવાઈ

   (2) નીચેના પૈકી કયું લોકમાધ્યમ નથી ?

   (અ) લોક સાહિત્ય (બ) તમાશા

   (ક) લોક મેળાઓ (ડ) સામયિકો

(3) પ્રથમ ગુજરાતી અખબારનું નામ જણાવો.

(અ) ગુજરાત મિત્ર (બ) ગુજરાત સમાચાર

(ક) મુંબઈ સમાચાર (ડ) હિકીનું ગેઝેટ

(4) ‘ગુજરાત શાળાપત્ર’ના આદ્ય સંપાદકનું નામ જણાવો.

(અ) રમણભાઈ નીલકંઠ (બ) મહીપતરામ નીલકંઠ

(ક) નવલરામ (ડ) નર્મદ

(5) ‘ડાંડિયો’ સામયિક કયા વર્ષથી આરંભાયુ હતું ?

(અ) ઈ.સ. 1851 (બ) ઈ.સ. 1854

(ક) ઈ.સ. 1861 (ડ) ઈ.સ. 1864

(6) સુધારક યુગથી આજપર્યંત પ્રકાશિત થઈ રહેલા ગુજરાતી સામયિકનું નામ જણાવો.

(અ) ગુજરાત શાળાપત્ર (બ) ડાંડિયો

(ક) ગુજરાતી (ડ) બુદ્ધિપ્રકાશ

(7) નીચેના પૈકી કયું સામયિક પંડિત યુગીન નથી ?

(અ) માનસી (બ) સમાલોચક

(ક) પ્રિયંવદા (ડ) જ્ઞાનસુધા

(8) ‘સત્યં પરં ધિમહિ’ ધ્યેયમંત્ર કયા સામયિકનો હતો ?

(અ) પ્રિયંવદા (બ) વસંત

(ક) જ્ઞાનસુધા (ડ) સુદર્શન

(9) ‘વીસમી સદી’ સામયિકના સંપાદકનું નામ જણાવો.

(અ) કૃષ્ણલાલ ઝવેરી (બ) હાજી મહંમદ અલ્લારખિયા

(ક) બચુભાઈ રાવત (ડ) ચાંપશી ઉદેશી

(10) ‘ગુજરાત’ સામયિક કોના તંત્રીપદે આરંભાયું હતું ?

(અ) ક.મા. મુનશી (બ) વિજયરાય વૈદ્ય

(ક) લીલાવતી મુનશી (ડ) ઉમાશંકર જોશી

(11) નીચેના પૈકી કયા સામયિકના સંપાદક સુરેશ જોશી નહોતાં ?

(અ) વાણી (બ) મનીષા

(ક) કૃતિ (ડ) ક્ષિતિજ

(12) ‘રેખા’ સામયિકના સંપાદકનું નામ જણાવો.

(અ) સુરેશ દલાલ (બ) જયંત ખત્રી

(ક) સુન્દરમ્ (ડ) જ્યંતિ દલાલ

(13) નીચેના પૈકી કયું સામયિક દલિત સાહિત્યને વરેલું છે ?

(અ) હયાતી (બ) સમીપે

(ક) પરબ (ડ) તાદર્થ્ય

(14) ‘પરબ’ સામયિક કઈ સંસ્થા દ્વારા પ્રકાશિત થાય છે ?

(અ) ગુજરાત સાહિત્ય અકાદમી (બ) ગુજરાતી સાહિત્ય પરિષદ

(ક) ભો.જે. વિદ્યાભવન (ડ) ગુજરાત વિદ્યાપીઠ

---